॥ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી વીતરાગાય નમઃ ॥ ॥ નમો નાણસ્સ ॥

# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા – ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત
વાર્ષિક પરીક્ષા જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ નું પેપર

તા. ૧૦-૦૧-૨૦૧૬ ● સમયઃ સવારે ૯ થી ૧૨.૩૦ ● શ્રેણી : **૧૫** ● ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 15)**

**પ્ર. : ૧. પ્રાસ્તાવિક ગાથા અને ઉત્તરાધ્યયન સૂત્રના આધારે : શ્રેણી : (૪૦)**

**(ક) નીચેની ગાથાઓ ભાવાર્થ સહિત પૂર્ણ કરો :** ૧૮

(૧) સારં ........................ મરણં

(૨) ખિપ્પં ........................ ચરેડપ્પમત્તો .

(૩) અશોક ........................ જિનેશ્વરાણાં .

(૪) વિત્તેણ ........................ દટ્ઠુમેવ .

(૫) જાઈ ........................ સાયં

(૬) એવં ........................ મણિઓ .

**(ખ) નીચેના પ્રશ્નોના માગ્ય પ્રમાણે જવાબ લખો :** ૧૪

(૧) પોતે કરેલા કર્મનું ફળ પોતે એકલાએ જ ભોગવવું પડે છે.
આ અર્થ બતાવતી માત્ર ગાથા લખો. .

(૨) શીલવ્રતનો મહિમા બતાવતી ગાથા કેટલી છે ? .
કયા આગમના કયા અધ્યયનમાં છે અને તે સૂત્ર કાલિક છે કે ઉત્કાલિક ?

(૩) ''મોક્ષમાર્ગ માટે મસ્તકના મુગટમણિ સમાન છે'' આ અર્થ જે ગાથામાં
આવ્યો હોય તે માત્ર ગાથા લખો.

(૪) સાધક મળ-મૂત્રથી ભરેલાં શરીરનો ત્યાગ ક્યારે કરે છે ? શા માટે કરે છે ? .

(૫) ''પાછલી અવસ્થામાં ધર્મ કરીશું'' એવો અર્થ બતાવતી માત્ર ગાથા લખો. .

(૬) દયા, બ્રહ્મચર્ય, સમકિત અને સંયમનો નાશ શેનાથી થાય છે ?

(૭) જીવ અનાશ્રવી ક્યારે થાય ? આવા અનાશ્રવી શેનું આરાધન કરે છે ?

**(ગ) નીચેના શબ્દોના અર્થ લખો : (કોઈ ચાર લખો) :** ૪

૧) આઉયમ્મી ૨) બૂહઇત્તા ૩) પિજ્જ ૪) લહઈ ૫) અણાઈલ .
૬) દુધ્ધરિસં ૭) સંક્ષિચ્ચમાણા ૮) પયટ્ટીએ.

**(ઘ) નીચેના અર્થના મૂળ શબ્દ લખો – (કોઈ પણ ચાર) :** ૪

૧) નિર્દોષ ૨) આપની ૩) સુવ્રત ૪) આર્ય ૫) કહ્યા છે
૬) દીક્ષા ૭) શરણ ૮) છત્ર.

**પ્ર. : ૨. છ લેશ્યાના આધારે જવાબ લખો : (૧૫)**

(૧) લેશ્યાની ગાથા લખો. ૨

(૨) પાંચમા દેવલોકના દેવોને જે લેશ્યા હોય તેના લક્ષણો લખો. ૩

(૩) સજોગી કેવળીની જે લેશ્યા હોય તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ લખો. ૧

(૪) લેશ્યાનો ગતિ દ્વાર લખો. ૨

(૫) નીચની લેશ્યાની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ લખો અને ઉત્કૃષ્ટ સ્થિતિ કયાં લાભે તે લખો. ૩
૧) કાપોત લેશ્યા ૨) નીલ લેશ્યા.

(૬) <u>નીચેનાને કઈ લેશ્યા હોય ?</u> ૨
૧) ચાસ પક્ષીની પાંખનો વર્ણ કઈ લેશ્યા જેવો હોય ?
૨) શણના ફૂલનો વર્ણ કઈ લેશ્યા જેવો હોય ?
૩) રોહિણી વનસ્પતિનો રસ કઇ લેશ્યા જેવો હોય ?
૪) છળપૂર્વક વર્તન કરનારને કઈ લેશ્યા હોય ?

(૭) લેશ્યા ત્રણ પ્રકારે તથા નવ પ્રકારે કેવી રીતે પરિણમે તે સમજાવો. ૨

(પાછળ જુઓ)

**પ્ર. – ૩ : અષ્ટ પ્રવચન માતાના આધારે જવાબ લખો :** **(૧૫)**

(૧) ઇરિયા સમિતિનો ચોથો ભેદ વિસ્તારથી સમજાવો. ૪
(૨) પાંચમી સમિતિનો બીજો અને ત્રીજો ભેદ સમજાવો. ૨
(૩) મન-ગુપ્તિ ભાવથી અને કાય ગુપ્તિ દ્રવ્યથી બતાવો. ૨
(૪) અષ્ટ પ્રવચન માતાનો અધિકાર કયા સૂત્રનો છે ? કેટલામું અધ્યયન છે ? ૧
(૫) ભાષા સમિતિ એટલે શું ? તેનો કાળથી ભેદ સમજાવો. ૨
(૬) સાધુ વસ્ત્ર અને પાત્રાનું પડિલેહણ કેટલી વાર કરે ? ક્યારે કરે ? ૨
(૭) નીચેના બોલ કઈ સમિતિ કે ગુપ્તિના છે ? ૨
૧) અણુજાણહ ૨) વિષય-કષાય ૩) સંયોગ ૪) આલંબન.

**પ્ર. : ૪. સામાયિક – પ્રતિક્રમણના આધારે જવાબ લખો :** **(૧૦)**

**(ક) નીચેના પાઠની પૂર્તિ કરો :** ૪
(૧) પાણ ભૂય જીવ .............જંવાઈદ્ધં
(૨) સમણે ...................... પાણં

**(ખ) નીચેના શબ્દનું માગધી લખો :** ૨
૧) શસ્ત્ર ૨) પીવાના પદાર્થો અને માપની મર્યાદા ૩) કરેલ હોય ૪) બાધા-પીડા રહિત.

**(ગ) ફક્ત અંકમાં જવાબ લખો : (કેટલા હોય ?)** ૨
૧) પર્યાપ્તિ ૨) મદ ૩) સમુદ્‌ઘાત ૪) પંચેન્દ્રિયની જીવાયોનિ

**(ઘ)** (૧) પહેલું શ્રમણ સૂત્ર શેના માટે છે ? ક્યારે કરવાનું હોય ? ૨
(૨) ત્રીજું શ્રમણ સૂત્ર શેના માટે છે ? ક્યારે કરવાનું હોય ?

**પ્ર. : ૫. મોટા માંગલિકના આધારે જવાબ લખો :** (૫)

(૧) મોટા માંગલિકની રચના કોણે કરી ? ચાર મંગલ કેવા છે ? ૧
(૨) આપના જેવા ઉજ્જવળ ........., ........., ........., ........., બનશું તેમાં અમોને જરાય શંકા કે સંશય નથી. ૨
(૩) ભવ રૂપી સમુદ્રથી તરવા કોનું શરણું લઈશું ? ૧
(૪) ભગવાનના ચરણમાં શું સમર્પિત કરાય ? ૧

**પ્ર. : ૬. ભક્તામરના આધારો જવાબ લખો :** **(૧૫)**

**નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ સાથે લખો.**

(૧) શુમ્ભ ............ સૌમ્યામ ૪
(૨) કો વિસ્મયો ............ પીક્ષિતોઽસી ૪
(૩) તુભ્યં ............ શોષણાય ૪
(૪) પ્રભુને વિંઝાતા ચામરો કેવા છે ? ૧
(૫) પ્રભુના મસ્તક પર રહેલા ત્રણ છત્ર શું દર્શાવે છે ? ૧
(૬) પ્રભુના પગના નખ કેવા છે ? ૧

**અથવા**

**પ્ર. : ૭. વાર્તાના આધારે જવાબ લખો :** (૧૫)

(૧) પરદેશી રાજાની વાર્તા કયા સૂત્રમાં છે ? તે સૂત્ર કાલિક છે કે ઉત્કાલિક ? ૨
(૨) જિતશત્રુ રાજા કયા દેશના, કઈ નગરીના રાજા હતા ? તે રાજા કેવા હતા ? ૧
(૩) જીવ અગુરુલઘુ છે તે બતાવવા કેશી સ્વામીએ શેનું દૃષ્ટાંત આપીને સમજાવ્યું ? ૧
(૪) છદ્મસ્થ જીવો કેટલી વસ્તુ જોઈ શકતા નથી? તેમાંથી માત્ર કોઈ પણ ચાર વસ્તુના નામ લખો. ૨
(૫) ભગવાન કેશી સ્વામીએ પરિષદને શું ઉપદેશ આપ્યો ? તે સાંભળી ચિત્તસારથીએ શું કર્યું ? ૨
(૬) ક્ષત્રિય પરિષદ અને ગાથાપતિની પરિષદ એટલે શું તે સમજાવો. ૨
(૭) ચિત્તસારથીએ પોતાની નગરીમાં આવીને મૃગવન ઉદ્યાનના રક્ષકોને શું આજ્ઞા કરી ? ૨
(૮) પર્વતના આકાર જેવા ભવનને શું કહેવાય ? ૧
કયા દેશના નાગરિકોએ પરદેશી રાજા માટે ઘોડા મોકલ્યા હતા ?
(૯) ''પરદેશી, તમે પણ વ્યાપારી છો'' આવું કથન કેશી સ્વામીએ શા માટે કર્યું ? ૨

''જય જિનેન્દ્ર''